# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

**ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧**

Email : svvp11@yahoo.com Web site:www.svvp11.com

૨૦૫, આરોહી કોમ્પ્લેક્ષ, રસરંજનની બાજુમાં, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

**ફોન: ૦૭૯-૨૭૯૧૦૫૦૪ / ૯૬૨૪૬ ૯૬૪૬૪**


તા. ૧૫-૦૩-૨૦૨૫

પ્રતિ,
પ્રમુખશ્રી,

આદરણીય પ્રમુખશ્રી / મંત્રીશ્રી (ઘટક) / ઝોન

**વિષય : આંતર ઘટક T12 ક્રિકેટ ટુર્નામેન્ટ**

જયશ્રી કૃષ્ણ

આપ અને આપનું ઘટક ઉતરોત્તર વધુ ને વધુ પ્રગતિ કરે તેવી આશા સાથે જણાવવાનું કે દર વર્ષની માફક આ વર્ષે પણ સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર T12 ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટૂર્નામેન્ટનું આયોજન ૨૧-૦૪-૨૦૨૫ થી ૨૭-૦૪-૨૦૨૫ સુધી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ક્રિકેટ ગ્રાઉન્ડ બેંક પાસે, ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરી પાસે, નવરંગપુરા, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટ માટે રૂા. ૬,૦૦૦/- ફી પેટે લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. અને ત્યાર પછી ટૂર્નામેન્ટમાં વહેલા તે પહેલાના ધોરણે ટીમ લેવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

આ પત્રની સાથે ટૂર્નામેન્ટનું ફોર્મ, નિયમો અને માહિતી મોકલવામાં આવી છે. તો આપ તેનો વિગતે અભ્યાસ કરી ને જો આપ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છુક હોય તો સત્વરે આપની ટીમની માહિતી ફોર્મ ભરીને ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં વહેલા તે પહેલાના ધોરણે મોકલી આપવાનું રહેશે. ફોર્મ www.svvp11.com ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

**ઓફીસ સંપર્ક : ૦૭૯-૨૭૯૧૦૫૦૪, ૯૬૨૪૬ ૯૬૪૬૪ (સવારે ૧૧ થી સાંજના ૬)**

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

**ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧**

Email : svvp11@yahoo.com Web site:www.svvp11.com

૨૦૫, આરોહી કોમ્પ્લેક્ષ, રસરંજનની બાજુમાં, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

**ફોનઃ ૦૭૯-૨૭૯૧૦૫૦૪ / ૯૬૨૪૬ ૯૬૪૬૪**


## SVVP આયોજીત T12 ક્રિકેટ ટુર્નામેન્ટ રજીસ્ટ્રેશન ફોર્મ

પ્રતિ,
સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર
૨૦૫, આરોહી કોમપ્લેક્ષ, રસરંજનની બાજુમાં,
વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯

### વિષય : ક્રિકેટ ટીમ તરીકે રજીસ્ટ્રેશન કરવા બાબત.

ઉપરોક્ત વિષયના અનુસંઘાનમાં અમો અમારી જ્ઞાતિ-ઝોનની ક્રિકેટ ટીમનું રજીસ્ટ્રેશન કરવા વિનંતી.

૧. ટીમનું નામ : ______________________________

૨. જ્ઞાતિ ઘટક - ઝોનું નામ : ______________________________

૩. સરનામું : ______________________________

______________________________

૪. એસવીવીપીમાં જ્ઞાતિ ઘટક સભ્યપદ નંબર : ______________________________

૫. સંપર્ક વ્યકિતનું નામ : ______________________________

ફોન નંબર : ______________ મોબાઈલ નંબર: ______________

ઈમેલ એડ્રેસ : ______________________________

આ સાથે ટીમ રજીસ્ટ્રેશન ફી રૂા. ૬૦૦૦/- રોકડા/ચેક નંબર ______________ તા. ______________

બેંકનું નામ : ______________________________ થી મોકલેલ છે.

આથી એસવીવીપી T12 ટુર્નામેન્ટમાં તમામ નિયમો સાથે બંધાયેલા છે. અને ટીમમાં રમનાર ૧૧+૪ ખેલાડીની યાદી આ સાથે સામેલ છે.

**પ્રમુખ / મહામંત્રી**

**નોંધ :** કોઈપણ ખેલાડી ક્રિકેટમાં ભાગ લેવા માંગતા હોય તો પોતાની જ્ઞાતિ ઘટકના પ્રમુખશ્રીનો સંપર્ક કરવો.
નોંધણી ફોર્મ / ઘટક ક્રિકેટ ટીમ તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં ભરી દેવું.

---

**ઓફિસ ઉપયોગ અર્થે**

પહોંચ નંબર : ______________ તારીખ : ______________ ફોર્મ સ્વીકારનારની સહી : ______________

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧

Email : svvp11@yahoo.com Web site:www.svvp11.com

૨૦૫, આરોહી કોમ્પ્લેક્ષ, રસરંજનની બાજુમાં, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ફોન: ૦૭૯-૨૭૯૧૦૫૦૪ / ૯૬૨૪૬ ૯૬૪૬૪


## SVVP આયોજીત T12 ક્રિકેટ ટુર્નામેન્ટ

## પ્રવેશ ફોર્મ
## ટેનિસ બોલ ટુર્નામેન્ટ
## ૨૧-૪-૨૦૨૫ થી ૨૭-૦૪-૨૦૨૫

| | |
|---|---|
| ફોર્મ નંબર : | |
| ટીમનું નામ : | |
| ઘટકનું નામ : | |
| ઘટકનું સરનામું : | |
| કેપ્ટનનું નામ : | |
| કેપ્ટનનો મોબાઈલ નંબર : | |
| મેનેજરનું નામ : | |
| મેનેજરનો મોબાઈલ નંબર : | |
| ઈમેલ આઈડી : | |

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧

## T12 ક્રિકેટ ટીમની વિગત

| ક્રમ | ખેલાડીનું નામ અને મોબાઈલ નંબર | ઘટકનું નામ | ફોટો |
|---|---|---|---|
| ૧ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૨ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૩ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૪ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૫ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |

દરેક ખેલાડીએ પોતનો ફોટો આઈડી પ્રુફની ઝેરોક્ષ કોપી ફોર્મ સાથે ફરજીયાત એટેચ કરવાની રહેશે.

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧

## T12 ક્રિકેટ ટીમની વિગત

| ક્રમ | ખેલાડીનું નામ અને મોબાઈલ નંબર | ઘટકનું નામ | ફોટો |
|---|---|---|---|
| ૬ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાવવો, સ્ટેપલ ન કરવો) |
| ૭ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાવવો, સ્ટેપલ ન કરવો) |
| ૮ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાવવો, સ્ટેપલ ન કરવો) |
| ૯ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાવવો, સ્ટેપલ ન કરવો) |
| ૧૦ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાવવો, સ્ટેપલ ન કરવો) |

દરેક ખેલાડીએ પોતનો ફોટો આઈડી પ્રુફની ઝેરોક્ષ કોપી ફોર્મ સાથે ફરજીયાત એટેચ કરવાની રહેશે.

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧

## T12 ક્રિકેટ ટીમની વિગત

| ક્રમ | ખેલાડીનું નામ અને મોબાઈલ નંબર | ઘટકનું નામ | ફોટો |
|---|---|---|---|
| ૧૧ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૧૨ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૧૩ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૧૪ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |
| ૧૫ | | | પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો ચોટાડવો, સ્ટેપલ ન કરવો) |

દરેક ખેલાડીએ પોતનો ફોટો આઈડી પ્રુફની ઝેરોક્ષ કોપી ફોર્મ સાથે ફરજીયાત એટેચ કરવાની રહેશે.

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧

Email : svvp11@yahoo.com Web site:www.svvp11.com

૨૦૫, આરોહી કોમ્પ્લેક્ષ, રસરંજનની બાજુમાં, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ફોનઃ ૦૭૯-૨૭૯૧૦૫૦૪ / ૯૬૨૪૬ ૯૬૪૬૪


## SVVP આયોજીત T12 ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો

(૦૧) આ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન એસ.વી.વી.પી. દ્વારા કરવામાં આવેલ છે અને તેમાં ફક્ત વૈષ્ણવ વણિક ભાગ લઈ શકશે.

(૦૨) આ ટૂર્નામેન્ટ ટેનીસ બોલથી રમાડવામાં આવશે અને તે નોક-આઉટ પદ્ધતિથી રમાશે. દરેક નિયમો ઈન્ટરનેશનલ ક્રિકેટ ના નિયમો આધારિત રહેશે.

(૦૩) ટૂર્નામેન્ટની દરેક મેચ ૧૨ ઓવરની રહેશે અને તે ૧૨ ઓવર ૧ કલાકમાં પૂરી કરવાની રહેશે.

(૦૪) દરેક મેચનો સમય બે કલાકનો રહેશે. દરેક ઈનીંગના અંતે ૧૦ મિનિટનો વિરામ રહેશે. જો પહેલી બોલીંગ કરતી ટીમ તેમની ૧૨ ઓવર એક કલાકમાં નહીં પતાવે તો તેમને જેટલી ઓવર મોડી નાખશે તેટલી ઓવર પોતાની બેટીંગ આવે તે દરમિયાન ઓછી રમવાની આવશે. દા.ત. એક કલાકમાં ૧૧ ઓવર નાખશે તો તેમણે તે પછી પોતાની ૧૨મી ઓવર નાખવી પડશે. પરંતુ પોતાની બેટીંગ આવે ત્યારે ફક્ત ૧૧ ઓવર રમવી પડશે.

(૦૫) દરેક ટીમે મેચ શરૂ થવાના ટાઈમના એક કલાક પહેલા ગ્રાઉન્ડ પર હાજર રહેવું પડશે. જો કોઈ ટીમ મેચ શરૂ થવાના ટાઈમ કરતાં ૨૦ મિનિટ મોડી આવશે તો સામેની ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે અને આ રીતે હારેલી ટીમને પોતાની ફી પરત મળશે નહીં.

(૦૬) જો કોઈ ટીમ મેચ શરૂ થવાના નિર્ધારિત સમય કરતાં મોડી આવશે (૨૦ મિનિટ સુધી) તો તેમને જ્યારે બેટીંગ આવે ત્યારે ૪ મિનિટ દીઠ ૧ ઓવર ઓછી રમવા મળશે. ૨૦ મિનિટથી મોડી આવતી ટીમ હારેલી જાહેર કરવામાં આવશે.

(૦૭) મેચ દરમિયાન પ્રથમ ૩ ઓવર પાવર-પ્લેની રહેશે. આ ૩ ઓવર દરમિયાન સેમી સર્કલની બહાર વધુમાં વધુ ૨ ફિલ્ડર ફિલ્ડીંગ કરી શકશે. તેનાથી વધારે ખેલાડી સર્કલ બહાર હશે તો નો બોલ આપવામાં આવશે.

(૦૮) એક બોલર વધુમાં વધુ ૩ ઓવર નાખી શકશે.

(૦૯) જો કોઈ પણ મેચમાં ટાઈ પડશે તો સુપર-ઓવર નાખવામાં આવશે. અને તેમાં પણ ટાઈ પડે તો જે ટીમના (૧૨ ઓવરની મેચ દરમિયાન) વધુ બાઉન્ડ્રી હશે તે વિજેતા જાહેર થશે. અને તેમાં પણ ટાઈ પડે તો સિક્કો ઉછાળીને વિજેતા નક્કી કરવામાં આવશે.

(૧૦) આ ટૂર્નામેન્ટમાં એલ.બી.ડબલ્યૂ (LBW) આઉટ આપવામાં આવશે નહીં.

(૧૧) બાય અને લેગ-બાયના રન ગણાશે.

(૧૨) કમરથી ઊંચા ફૂલ-ટોસ બોલને નો-બોલ ગણાશે.

(૧૩) માથાથી ઊંચે જતો શોર્ટપીચ બોલ વાઈડ બોલ ગણાશે.

(૧૪) બેટ્સમેનને રનર આપવામાં આવશે નહીં.

(૧૫) નો બોલ અને વાઈડ બોલના રન ગણાશે. અને ફૂટ-ફોલ્ટથી થયેલા નો બોલ પર જ ફ્રિ હીટ મળશે. બાકીના બોલમાં ફ્રી-હીટ મળશે નહીં.

(૧૬) ઓવર-થ્રો ના રન ગણવામાં આવશે.

(૧૭) બોલ બદલવા અંગે બેડ-લાઈટ અંગે અમ્પાયરનો નિર્ણય માન્ય રહશે.

(૧૮) ઘાયલ (ઈન્જર્ડ) થઈને રીટાયર થયેલ બેટ્સમેન પછીથી વિકેટના પતન બાદ બેટીંગમાં ગમે ત્યારે પાછો આવી શકશે.

(૧૯) દરેક પ્લેયર એસ.વી.વી.પી. તરફથી આપેલ ટી શર્ટ પહેરવી પડશે અને પેન્ટ/ટ્રેકસુટ પોતાના પહેરી શકશે. અડધી ચડ્ડી/બર્મુડા પહેરી મેદાન પર આવી શકશે નહીં.

(૨૦) દરેક ટીમ ટૂર્નામેન્ટની શરૂઆતમાં ૧૫ નામ આપવા પડશે. જો ઓછા નામ આપ્યા હશે તો પાછળથી ઉમેરી શકાશે નહીં. આ ઉપરાંત નામ બદલી શકાશે પણ નહીં. એક વખત નામનું રજિસ્ટ્રેશન થયું પછી તેમાં કોઈપણ વધારો/ઘટાડો કે ફેરફાર થઈ શકશે નહીં.

(૨૧) કોઈપણ ખેલાડી ફક્ત એક જ ટીમમાંથી રમી શકશે.

(૨૨) મેચ દરમિયાન અમ્પાયરને થ્રો બોલિંગ લાગશે તો પહેલીવાર વોર્નિંગ સાથે નોબોલ આપવામાં આવશે, અને જોબીજી વાર થ્રોબોલીંગ લાગશે તો નોબોલ અને ત્યારપછી તેને મેચમાં બોલીંગ નહીં કરી શકે.

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર® (SVVP)

**ટ્રસ્ટ રજી. નંબર એ/૪૦૪૮/અમદાવાદ. તા. ૩૦-૭-૨૦૧૧**

Email : svvp11@yahoo.com Web site:www.svvp11.com

૨૦૫, આરોહી કોમ્પ્લેક્ષ, રસરંજનની બાજુમાં, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

**ફોન: ૦૭૯-૨૭૯૧૦૫૦૪ / ૯૬૨૪૬ ૯૬૪૬૪**


(૨૩) જો કોઈ નોન-સ્ટ્રાઈકર બેટ્સમેન બોલરના રન અપ દરમિયાન ક્રિસ છોડી રન લેવા જશે તો બોલર તેને એક વખત ચેતવણી આપશે અને ત્યારબાદ તે બોલર તેને આઉટ કરી શકશે.

(૨૪) સ્કોરર દ્વારા ગણાયેલા અને લખાયેલા રન માન્ય રહેશે.

(૨૭) ગ્રાઉન્ડ ઉપર અમ્પાયરનો નિર્યણ ફાઈનલ રહેશે. અને કોઈપણ સંજોગોમાં તે બધાને બંધનકર્તા રહશે.

(૨૫) કોઈપણ જાતનો વાંધો (ડિસ્પ્યુટ) હશે. તો એસ.વી.વી.પી.ની ટૂર્નામેન્ટ કમિટિનો નિર્ણય ફાઈનલ રહશે.

(૨૬) એસ.વી.વી.પી.ની ટૂર્નામેન્ટ ઓર્ગેનાઈઝીંગ કમિટિને ટૂર્નામેન્ટ દરમિયાન કાયદામાં બદલ કરવાનો અધિકાર રહેશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

(૨૭) કોઈપણ ટીમને મેચ દરમિયાન ઓછા પ્લેયર હશે તો રમવું પડશે અથવા વોક-ઓવર આપવાનો રહેશે.

(૨૮) ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે પ્લેયરની ઉંમર ૧૮ વર્ષથી ઉપર હોવી જરૂરી છે.

મેનેજર/કેપ્ટનની સહી

## SVVP આયોજીત T12 ક્રિકેટ ટુર્નામેન્ટના બીજા અગત્યના નિયમો

(૧) ટૂર્નામેન્ટમાં ભાગ લેતી ટીમ એસ.વી.વી.પી.ની ઘટક હોવી જોઈએ.

(૨) કોઈપણ પ્લેયર સામેની ટીમના પ્લેયરની સામે ખરાબ વર્તણૂક અથવા અપશબ્દો બોલીને હેરાન કરવો નહીં. અને જો આ અંગે સામેની ટીમ અથવા અમ્પાયર દ્વારા ફરિયાદ કરવામાં આવશે તો ખરાબ વર્તણૂક કરનાર ખેલાડીની ટીમને ટૂર્નામેન્ટમાંથી કાઢી મૂકવામાં આવશે.

(૩) મેચ રમવા આવનાર દરેક ખેલાડીએ પોતાનું ફોટાવાળું કોઈપણ ઓળખપત્ર લાવવું ફરજિયાત છે અને તે રમતા પહેલા અમ્પાયર/કમિટિ મેમ્બરને રજિસ્ટ્રેશન વખતે બતાવવું ફરજિયાત છે.

(૪) મેચ દરમિયાન તમાકુ/દારુ વગેરેનો સખત પ્રતિબંધ છે અને જો કોઈ ખેલાડી કેનો ઉપયોગ કરતાં પકડાશે તો તેને રમતમાંથી કાઢી મૂકવામાં આવશે અને તેની જગ્યાએ કોઈપણ જાતનું રીપ્લેસમેન્ટ મળશે નહીં.

(૫) આ ટુર્નામેન્ટ માં દરેક ટીમ અને ખેલાડી પોતાની ઈચ્છા અને મરજી થી ભાગ લે છે. રમત દરમિયાન મેદાન પર કે આવન જાવન દરમિયાન કોઈ પણ પ્રકાર ના અકસ્માત, શારીરિક ઈજા માટે SVVP, તેના હોદ્દેદારો કે ટુર્નામેન્ટ કમિટી કોઈ પણ રીતે જવાબદાર નથી.

(૬) કોઈ પણ પ્રકાર ના તાવ, શરદી કે ઉધરસ હોય તો મેદાન પર નાં આવવું. મેદાન પર આ પ્રકાર ની પરિસ્થિતિ જોવા મળશે તો જે તે ખેલાડી કે વ્યક્તિ ને મેદાન પર થી દુર કરવા માં આવશે.

(૭) આ ટૂર્નામેન્ટ આપણે ભ્રાતૃભાવ કેળવવા અને સંગઠનને મજબૂત કરવા માટે રમાડીએ છીએ તો બધાને તેમાં ખેલદીલી પૂર્વક રમવા વિનંતી છે.

કેપ્ટન/મેનેજરની સહી